ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2285/04/2024** **તા.03-04-2024**

## સુરત ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમા બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયુ.

---

## આવનાર પેઢીના ભવિષ્ય માટે ફરી એક વખત શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને વડાપ્રધાન બનાવવાના છે. – શ્રી સી.આર.પાટીલ

----

## કોંગ્રેસનો કોઇ નેતા ભાજપના ઉમેદવાર સામે લડવા તૈયાર નથી કોંગ્રેસને હવે જબરજસ્તી લડાવવા પડે છે. - શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, સુરત ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમા કાર્યકર્તા સંમેલન યોજાયુ. આ કાર્યક્રમમા રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ પ્રસાંગીક સંબોધન કર્યુ હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ કાર્યકર્તાઓને પ્રેરણાત્મક સંબોધન કરતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ એક પછી એક રાજયમા ભાજપની સરકાર બનાવતા અશ્વમેધ યજ્ઞ તૈયાર કર્યો છે તેનો રોકવાની કોઇ રાજકીય પાર્ટીમા તાકાત નથી. મોદી સાહેબે ગુજરાતમા વિકાસ કરી દેશ સમક્ષ ગુજરાત મોડલ રજૂ કર્યુ અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને દેશની જનતાએ દેશના વડાપ્રધાન બનાવ્યા. હવે ત્રીજી વખત શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાનની હેટ્રીક કરવા જઇ રહ્યા છે. આવનાર પેઢીના ભવિષ્યમાટે મોદી સાહેબને વડાપ્રધાન બનાવવાના છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, ભાજપના બૂથ પ્રમુખો તેમજ પેજ કમિટિ આખા દેશના રાજયમા પેજ કમિટિની સિસ્ટમને અપનાવી છે. આખા દેશમા ભાજપના કાર્યકર્તાઓ પેજ કમિટિ બનાવી રહ્યા છે. મોદી સાહેબે દેશમા કરેલા કામો થી જનતાને તેમના પર વિશ્વાસ અને પ્રેમ વધી રહ્યો છે.જનતાને આજે મોદી સાહેબ પર વિશ્વાસ છે કે તેમના નેતૃત્વમા દેશ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સુરક્ષીત છે, દેશ વિકાસના પંથે આગળ વધશે. લોકસભાની ચૂંટણીમા આ વખતે જનતા ઇતિહાસ રચશે તેવો વિશ્વાસ છે કારણ કે દેશમા મોદી લહેર ચાલી રહી છે. કોંગ્રેસનો કોઇ નેતા ભાજપના ઉમેદવાર સામે લડવા તૈયાર નથી, કોંગ્રેસને હવે જબરજસ્તી લડાવવા પડે છે. 26 બેઠક પર પાંચ લાખથી વધુની લીડ સાથે ઉમેદવારને જીતાડવા પ્રયાસ કરવાનો છે. બૂથના કાર્યકર્તાઓ પેજ કમિટિના સભ્યોનુ ચોકક્સ પણે મતદાન થાય તેની તકેદારી રાખવી પડશે.

શ્રી પાટીલજીએ જણાવ્યું કે, જયા સુધી તમને તમારા બુથના કાર્યકર્તાઓ તમારુ નેતૃત્વ નહી સ્વીકારે ત્યા સુધી પાર્ટી તમને જવાબદારી નહી આપે. બુથમા ચૂંટણી સમયે કેવી રીતે મતદાન થઇ શકે તેની વિસ્તૃત માહિતી આપી.બૂથ પ્રમુખ નક્કી કરે તો ચોક્કસ પણે વધુ મતદાન થઇ શકે છે. ભાજપના કાર્યકર્તાઓ પર મને વિશ્વાસ છે કે ગુજરાતમા તમામ બેઠકો પર ઐતિહાસીક લીડ  સાથે વિજય મળશે.

આ કાર્યક્રમમા કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, રાજ્ય સરકારના ગુહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્ય  સરકાર ના મંત્રીશ્રીઓ શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા,શહેર મહામંત્રી તેમજ સુરત લોકસભાના ઉમેદવાર શ્રી મુકેશભાઈ દલાલ, પ્રદેશ મંત્રી શ્રી શીતલબેન સોની, શહેર ના પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્યશ્રીઓ શ્રી કુમારભાઈ કાનાણી, શ્રી સંગીતાબેન પાટીલ, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી કાંતિભાઈ બલ્લર, શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, શ્રી મનુભાઈ પટેલ, શ્રી સંદીપભાઈ દેસાઈ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી જનકભાઈ બગદાણા,ડેપ્યુટી મેયર શ્રી ડૉ.નરેન્દ્રભાઈ પાટીલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ, શાસક પક્ષના નેતા શ્રી શશીબેન ત્રિપાઠી, પૂર્વ મેયર શ્રી હેમાલીબેન બોઘાવાલા, ક્લસ્ટર પ્રભારીશ્રી ભરતભાઈ પંડ્યા, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ સહિત મહામંત્રીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, પૂર્વ મેયરશ્રીઓ પ્રદેશના પદાધિકારીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)